રસ્તા પર વાહનચાલકોની સામે દીપડો અચાનક આવી ગયો

વલસાડના કાંજણહરી અને ભોમાપારડીના મુખ્ય માર્ગ પર દીપડાની લટારથી ભયનો માહોલ

વલસાડ: વલસાડના કાંજણહરી અને ભોમાપારડી ગામને જોડતા મુખ્ય માર્ગ પર ગત રાત્રિએ દીપડો લટાર મારતો જોવા મળતાં ભયનો માહોલ સર્જાયો છે.

રાત્રિના સમયે દીપડો આવી ચઢતા વાહનચાલકો આમને-સામને આવી ગયા હતાં. મુખ્ય માર્ગ પર દીપડાની હાજરીને કારણે ટુ-વ્હીલર ચાલકો અને રાહદારીઓમાં તેમજ ગ્રામજનોમાં ગ્રામજનોએ આ અંગે તાત્કાલિક વન વિભાગને જાણ કરી છે. લોકોની માંગ છે કે દીપડો કોઈ પશુ કે માનવી પર હુમલો કરે તે પહેલાં વન વિભાગ દ્વારા પાંજરું મૂકીને તેને વહેલી તકે પકડવામાં આવે. રાત્રિના સમયે આ માર્ગ પરથી પસાર થતાં વાહનચાલકોને સતર્ક રહેવા અને બિનજરૂરી રીતે અવાવરું જગ્યાએ ન ઊભા રહેવા સ્થાનિક આગેવાનોએ અપીલ કરી છે.

આજથી બોર્ડના વિદ્યાર્થીઓની કસોટી

નવસારી ધો.10ના 21,030 અને ધો.12ના 14,400 વિદ્યાર્થી પરીક્ષા આપશે

જિલ્લા શિક્ષણ કચેરીના સ્ટાફ, પોલીસ સ્ટાફ સહિત તંત્ર ખડેપગે તૈનાત

નવસારી: નવસારી જિલ્લામાં ગુજરાત બોર્ડની ધોરણ 10 અને 12ની પરીક્ષાઓ આજે 26 ફેબ્રુઆરીથી શરૂ થઈ રહી છે. આ વર્ષે જિલ્લામાં કુલ 35 હજારથી વધુ વિદ્યાર્થીઓ જીવનના મહત્ત્વપૂર્ણ શૈક્ષણિક પડાવ માટે પરીક્ષા આપશે.

આંકડાઓ મુજબ, ધોરણ 10માં 21,030 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જ્યારે ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહમાં 5,020 અને સામાન્ય પ્રવાહ (કોમર્સ તથા આર્ટ્સ)માં 9,406 વિદ્યાર્થીઓ મળી કુલ 14,400 વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસવાના છે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પરીક્ષાને લઈને સંપૂર્ણ તૈયારીઓ કરવામાં આવી છે. જિલ્લામાં 50 પરીક્ષા કેન્દ્રોના કુલ 1,286 બ્લોકમાં સીસીટીવી દેખરેખ હેઠળ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે, જેથી પારદર્શક અને શિસ્તબદ્ધ રીતે પરીક્ષા યોજાઈ શકે.

પરીક્ષાના પ્રથમ દિવસે ધોરણ 10માં ગુજરાતી વિષયની પરીક્ષા લેવામાં આવશે. જ્યારે ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિકશાસ્ત્ર અને સામાન્ય પ્રવાહમાં અર્થશાસ્ત્ર વિષયની પરીક્ષા યોજાશે. વિદ્યાર્થીઓ કોઈ તણાવ વગર અને આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપી શકે તે માટે જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા 1800 233 5500 હેલ્પલાઈન પણ શરૂ કરવામાં આવી છે. તંત્ર દ્વારા તમામ કેન્દ્રો પર જરૂરી સુવિધાઓ અને વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. ગત વર્ષે નવસારી જિલ્લાનું પરિણામ નોંધપાત્ર રહ્યું હતું. ધોરણ 10માં 84.22 ટકા પરિણામ સાથે 644 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવ્યો હતો. ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહમાં 84.98 ટકા અને સામાન્ય પ્રવાહમાં 95.61 ટકા જેવા ઉત્તમ પરિણામો નોંધાયા હતા.

આ વખતે પણ જિલ્લાને ઉત્તમ પરિણામની આશા છે. જિલ્લા શિક્ષણ તંત્રે વિદ્યાર્થીઓને શાંતિપૂર્વક, નિયમોનું પાલન કરીને અને આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવા અપીલ કરી છે.

આજે વલસાડ જિલ્લામાં 57 કેન્દ્ર ઉપર 51,415 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

વલસાડ: આજથી બોર્ડ પરીક્ષાઓની શરૂઆત થઈ રહી છે. વલસાડ જિલ્લામાં ધો 10-12 ની બોર્ડ પરીક્ષામાં જિલ્લાના 57 કેન્દ્રો ઉપર 154 બિલ્ડિંગોમાં 1854 બ્લોકમાં 51415 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. તમામ બ્લોક સી.સી. ટી.વી.થી સુસજ્જ છે. બુધવારે વલસાડ જિલ્લા શિક્ષણ વિભાગે પરીક્ષાલક્ષી તૈયારીઓને આખરી ઓપ આપ્યો હતો. વ્યવસ્થાના ભાગરૂપે વલસાડ અને વાપી એમ બે ઝોન પાડવામાં આવ્યા છે. પરીક્ષાના સુચારું સંચાલન માટે જિલ્લા શિક્ષણ કચેરીના સ્ટાફ, પોલીસ સ્ટાફ, સરકારી પ્રતિનિધિઓ, કેન્દ્ર સંચાલક, સેવક અને આરોગ્ય સ્ટાફ મળી કુલ 1658 કર્મચારીઓ પરીક્ષા કામગીરીમાં જોડાયેલા છે. જિલ્લા શિક્ષણ અધિકારી ડો .રાજશ્રી ટંડેલે વિદ્યાર્થીઓને પરીક્ષાની શુભેચ્છા પાઠવી કોઈપણ ભય વગર શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા આપવા અનુરોધ કર્યો છે.

સંક્ષિપ્ત સમાચાર

દમણની શ્રીનાથજી કોલેજમાં બ્લડ કેમ્પ યોજાયો

દમણ: સંઘપ્રદેશ દમણની શ્રીનાથજી કોલેજમાં બ્લડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી અમર જ્યોત એજ્યુકેશન સોસાયટીના સંસ્થાપક સ્વ. નગીનદાસ ભગવાનદાસ શાહની 20મી પુણ્યતિથિ નિમિત્તે શ્રીનાથજી બી.બી.એ., બી.સી.એ. અને બી.કોમ. કોલેજમાં બ્લડ કેમ્પ આયોજિત કરવામાં આવ્યો હતો. આ કેમ્પમાં કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહ સાથે રક્તદાન કર્યું હતું. આયોજિત કેમ્પમાં 33 યુનિટ જેટલું બ્લડ એકત્ર કરવામાં આવ્યું હતું. આયોજિત કેમ્પ દમણના આરોગ્ય વિભાગના ડોક્ટર હેમિન અગ્રવાલ અને એમની ટીમ દ્વારા સહયોગ આપ્યો હતો.

કેબીસી એન્ડ નટરાજ કોલેજમાં વાર્ષિક દિવસની ઉજવણી

વાપી: અત્રે ચણોદ કોલોની સ્થિત કેશવજી ભારમલ સુમરીયા એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ વાપીના પ્રાંગણમાં કોલેજના રૂપમાં વાર્ષિક દિવસની ઉજવણી મહાનુભાવો, ફેકલ્ટી સભ્યો, વિદ્યાર્થીઓ અને વાલીઓની હાજરીમાં ખૂબ જ ઉત્સાહ અને ઉમંગ સાથે યોજાઈ હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન વાપી ઇન્ડસ્ટ્રીયલ એસોસિએશનના પ્રમુખ સતીષભાઈ પટેલે દીપપ્રાગટ્ય કરીને શરૂઆત કરી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના ચેરમેન એ.કે. શાહ તથા ટ્રસ્ટીઓ રમેશભાઈ શાહ, હસુમતીબેન શાહ, ભારતીબેન સુમરીયા હાજર રહ્યા હતા. કોલેજના શ્રેષ્ઠ વિદ્યાર્થી : ઝા સત્યમ સુભાષચંદ્ર (એસ. વાય.બી.કોમ.), કોલેજની શ્રેષ્ઠ વિદ્યાર્થિની : પ્રતિક્ષા તાયડે (એસ.વાય. બી.કોમ.), શ્રેષ્ઠ વક્તા: ચૌધરી વંશ (ટી.વાય.બી.કોમ.), શ્રેષ્ઠ સાંસ્કૃતિક વિદ્યાર્થી : ફર્નાન્ડીસ સેલ્ડોન (ટી.વાય.બી.કોમ.), શ્રેષ્ઠ સાંસ્કૃતિક વિદ્યાર્થિની : હેતવી પટેલ (ટી.વાય.બી.કોમ.); શ્રેષ્ઠ રમતગમત વિદ્યાર્થી: દિવાકર અનુજ (ટી.વાય.બી.કોમ.) તેમજ શ્રેષ્ઠ રમતગમત વિદ્યાર્થિની : ચૌરસિયા સોનલ (એમ.કોમ. Part 1) ને પુરસ્કારિત કરી બહુમાન કરવામાં આવ્યા હતા. કોલેજના આચાર્ય ડો. પૂનમ બી. ચૌહાણે દરેકનો આભાર વ્યક્ત કર્યો હતો.

વાપી નોટિફાઈડ બોર્ડના ચેરમેન પદે મગનભાઈ સાવલિયાની સર્વસંમતિથી નિમણૂક

વાપી: વાપી નોટિફાઇડ બોર્ડની મંગળવારે મળેલી બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠકમાં વીઆઇએ પ્રમુખ સતિષભાઈ પટેલ, સેક્રેટરી કલ્પેશ વોરા અને જીઆઇડીસીના અધિકારીઓની હાજરીમાં નવા ચેરમેન તરીકે મગનભાઈ સાવલિયાની સર્વસંમતિથી નિમણૂક કરવામાં આવી હતી. આગામી એક વર્ષ માટે હવે નોટિફાઇડ ચેરમેન તરીકે મગનભાઈ રહેશે. હવે પછીની બોર્ડ બેઠકમાં રહેણાંક વિસ્તારના બોર્ડના સભ્યના નામની જાહેરાત થાય તેવું લાગે છે. અત્રે નોંધનીય છે કે પહેલા વર્ષે માટે નોટિફાઇડના ચેરમેન તરીકે યોગેશભાઈ કાબરીયાની નિમણૂક કરવામાં આવી હતી. 20 ફેબ્રુઆરીએ તેમની એક વર્ષની મુદ્દત ટર્મ પૂર્ણ થતા મંગળવારે વાપી નોટિફાઇડ વિભાગની કચેરીમાં હાલના ચેરમેન યોગેશભાઈ કાબરીયાના પ્રમુખ પદે બોર્ડ બેઠક મળી હતી. મગનભાઈ સાવલિયા વીઆઇએના ઉપપ્રમુખ છે.

વાપીની સ્પંદન સંસ્થા દ્વારા "કથા કથન" ના કાર્યક્રમનું સફળ આયોજન કરાયું

વાપી: માતૃભાષા ગુજરાતીનું પ્રચાર પ્રસાર અને સંવર્ધનના લક્ષ સાથે ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને વાપીની સ્પંદન સંસ્થા દ્વારા વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે લાયન્સ ઉપાસના હોલમાં માતૃભાષા મહોત્સવ ૨૦૨૬ અંતર્ગત "કથા કથન" ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંયોજક પ્રીતેશ સોઢાના માર્ગદર્શનમાં ગુજરાતીના પ્રસિદ્ધ સાહિત્યકારોની પાંચ વાર્તાઓનું કથન તખ્તાના પ્રસિદ્ધ કલાકારો દ્વારા કરવામાં આવ્યું હતું. મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય અને સ્પંદન પ્રમુખ ચારુશીલા ભટ્ટે સ્વાગત પ્રવચન કર્યું હતું. મુખ્ય અતિથિ, ગુજરાત ગૌરવ પુરસ્કાર વિજેતા સતીશભાઈ દેસાઈએ તેમનાં પ્રાસંગિક વ્યક્તવ્યમાં ગુજરાતની વિવિધ બોલીઓની કલાત્મક અભિવ્યક્તિ દ્વારા પરિચય આપ્યો હતો. અતિથિ વિશેષ વાપીના ડી.વાય. એસ.પી. બી.એન. દવેએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું. ટેલિવિઝન સિરિયલના સ્ક્રીપ્ટ રાઈટર અને અભિનેત્રી સેજલ પંડ્યાએ ચુનીલાલ મડિયાની 'ગોરાણીનો પરભુડો' વાર્તા, અલ્પેશ દીક્ષિતે "દીકરો" વાર્તા, હેમાંશ વૈષ્ણવે ધૂમકેતુની 'રત્નોની ઢોલી' વાર્તા, મેઘા અંતાણીએ પન્નાલાલ પટેલની 'લાડુનો જમાણવાર' વાર્તા રજૂ કરી હતી. ક્રિશાન જોશી અને સેજલ પૌંઢાએ સંયુક્ત રીતે ઉર્વશી શ્રીમાળીની વાર્તા 'રાજા રાણી' દ્વારા રાખેંગાર અને રાણકદેવીની પ્રેમકથા તાદૃશ કરી હતી. સ્પંદન સચિવ પ્રીતેશ જોશીએ મુખ્ય અતિથિ સતીશ દેસાઈનો પરિચય આપ્યો, જ્યારે ઉપપ્રમુખ જયેશ ભટ્ટે આભાર વિધિ કરી હતી.

હાંસાપોરનો ધુરીણનો નેટની પરીક્ષામાં રાષ્ટ્રીય સ્તરે 46મો ક્રમ

નવસારી: નવસારીના નજીકના હાંસાપોર ગામના રહીશ અને હાલમાં ભોપાલ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચમાં બાયોલોજિકલ સાયન્સિસના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતાં ધુરીણ પટેલે સીએસઆઈઆર- નેટની પરીક્ષામાં રાષ્ટ્રીય કક્ષાએ 46 મો ક્રમ મેળવ્યો છે. અબ્રામાની જીઆઈડીસી એન્જિનિયરીંગ કોલેજના પ્રાધ્યાપક ડો. શૈલેશ પટેલના પુત્ર ધુરીણ પટેલ અનુસ્તાનક થાય એ પહેલાં જ નેશનલ એલિજિબલિટી ટેસ્ટ પાસ કરી છે. ધુરીણ પટેલે રાજ્યકક્ષાની જીસેટ 76 ટકા સાથે પાસ કરી છે.

ગુજરાત-મહારાષ્ટ્ર અને સંઘપ્રદેશ દાદરા નગર હવેલીને જોડતા

કપરાડાના ટીટુમાળનો બ્રિજ જોખમી, વાહનોને નો એન્ટ્રી

ચકાસણી રિપોર્ટ બાદ પુલ ફરી શરૂ કરાશે: અધિકારી માર્ગ-મકાન

પુલમાં તિરાડ અને હોલ નજરે ચઢતા પુલ જોખમી બન્યો

ટીટુમાળ ગ્રામપંચાયત સભ્ય લલિતભાઈ જી. ગૌડએ પત્રકારોને જણાવ્યું કે, ગ્રામજનોની રજૂઆત બાદ અમે પુલની તપાસ કરતા પુલમાં તિરાડ અને હોલ નજરે ચઢતા પુલ જોખમી ગણાતા માર્ગ મકાન વિભાગ કપરાડાને જાણ કરતાં અધિકારીઓએ આવી નિરીક્ષણ કરી પુલની ચકાસણી માટે પુલને બે દિવસથી બંધ કર્યો છે. રિપોર્ટ આવ્યા બાદ વધુ માહિતી મળશે.

વલસાડ: ગુજરાત મહારાષ્ટ્ર અને સંઘપ્રદેશ દાદરા નગર હવેલીને જોડતા કપરાડા તાલુકાના ટીટુમાળ નજીકના વાઘ નદી ઉપરના પુલમાં તિરાડ સહિત પુલ જોખમી ગણાતા માર્ગ મકાન વિભાગ પંચાયત દ્વારા પુલને વાહનો માટે બંધ કરી દેવાયો છે. સાથે ટેકનિકલ ટીમ દ્વારા પુલની ચકાસણી શરૂ કરાઈ છે. સ્થાનિક ગ્રામ પંચાયત સભ્ય અને યુવાનોની નજરે પુલ ઉપર મસમોટી તિરાડ અને હોલ જણાતા સભ્ય દ્વારા ત્વરિત કપરાડા સ્થિત માર્ગ મકાન જી.પં. ને જાણ કરતા પુલ ઉપર પહોંચેલી અધિકારીઓની ટીમે તપાસ બાદ પુલની ચકાસણીનો નિર્ણય લેતા પુલની બંને બાજુ બેરીકેડ લગાવી પુલ ઉપરથી વાહનોનું આવાગમન સદંતર બંધ કરાવી દીધું હતું. સ્થાનિકોએ જણાવ્યું કે, પુલ આશરે 12 વર્ષ અગાઉ બન્યો હતો. સ્થાનિકો દ્વારા પુલની બિસમાર હાલત અને તંત્રની કામગીરીના વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ કરવામાં આવ્યા હતા. ગ્રામજનો લાંબા સમયથી આ પુલના સમારકામની માંગ કરી રહ્યા હતાં. માર્ગ મકાન વિભાગ પંચાયતના અધિકારી કપરાડાએ જણાવ્યું કે, પુલની ચકાસણી માટે ટીમ દ્વારા ચકાસણી શરૂ કરાઈ છે. રિપોર્ટ બાદ આગળ શું કરવું તેનો નિર્ણય લેવાશે. હાલે સુરક્ષા હેતુસર પુલ બંધ કરાયો છે.

ઉમેશ સોલંકી

ખતલવાડામાં ખુલ્લી જગ્યામાં કેમિકલ વેસ્ટ ઠાલવી દેવાયું

કેમિકલ ભરેલો ડ્રમોની તપાસમાં પોલીસ તેમજ જીપીસીબીની ટીમ કામે જોતરાઈ

ઉમરગામ: ઉમરગામના ખતલવાડામાં ખુલ્લી જગ્યામાં વેસ્ટ કેમિકલ ભરેલા ડ્રમો કોઈ ઠાલવી જતાં પોલીસ તથા જીપીસીબીને જાણ કરવામાં આવી હતી.

પ્રાપ્ત સૂત્રો પાસેથી મળતી જાણકારી મુજબ ઉમરગામ તાલુકાના ખતલવાડા ગામે વંકાસ રોડ ઉપર બપોરના સમયે ખતલવાડાની હદમાં ખુલ્લી જગ્યામાં કોઈ ઈસમો દ્વારા કેમિકલ વેસ્ટ ભરેલા ડ્રમો ઠાલવી ગયાની જાણ થતાં જ ખતલવાડા ગામના સરપંચ દ્વારા ઉમરગામ પોલીસને તથા જીપીસીપીના અધિકારીને જાણ કરી હતી. એવું પણ જાણવા મળ્યું છે કે કોઈક ટેમ્પો અહીં આવી ખુલ્લી જગ્યામાં કેમિકલ વેસ્ટ ભરેલા ડ્રોમો ઠાલવીને જતા રહ્યા હતા. જાહેર આરોગ્ય અને પર્યાવરણને નુકસાન થાય તે રીતે કેમિકલ વેસ્ટ ડ્રોમો ખુલ્લી જગ્યામાં ઠાલવી જનાર સામે કડક પગલાં ભરવામાં આવે તેવી પણ માંગ ઊઠી છે. આ તરફ પોલીસે બે ઈસામોની પૂછપરછ હાથ ધરી હોવાનું પણ જાણવા મળી રહ્યુ છે.

બલીઠામાં મિત્રએ જ મિત્રને ચપ્પુ માર્યુ

વાપી: વાપી નજીકના બલીઠામાં સામાન્ય બાબતમાં મિત્રએ જ મિત્રને ચપ્પુ માર્યુ હતું. વાપી ટાઉન પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ બિહાર અને હાલ વાપી નજીકના બલીઠા ડુંગરી ફળિયામાં આવેલી ચાલીમાં સંજીતકુમાર વિજય પાસવાન (ઉં.વ.20) રહે છે અને ગણેશ પાટીલને ત્યાં કેટરીંગનું કામ કરે છે. ગત તા.24-2-26 ના રોજ શેઠના કહેવાથી વાપી રેલવે સ્ટેશન નાના ગરનાળા પાસે આવ્યો હતો અને સાથે કામ કરનારા પંકજ, અરબાજ, ઈરફાન, સંદિપ તથા વિશાલ પણ ત્યાં હતા અને ચીકન ખરીદ્યું હતું તથા શેઠ ગાડી લઈને આવતા તમામ કારમાં બેસી દમણ ફાર્મ હાઉસ સ્થળે ગયા હતાં. ઈરફાન અપશબ્દો જોરથી બોલતો હોય જેને અટકાવ્યો હતો જેથી તેણે ઝઘડો કર્યો હતો. આ સમયે શેઠ પણ આવી ગયો હતો અને તેઓને સમજાવી છૂટા પાડયા હતાં. ત્યારબાદ શેઠની ગાડીમાં બેસી વાપી આવ્યા હતા. ત્યારબાદ ઈરફાને ફરીથી બલીઠા જીઈબી ઓફિસ પાસે સર્વિસ માર્ગ પર ઝઘડો કરી ઝપાઝપી કરી હતી અને ચપ્પુ જેવું કંઈ કાઢી છાતીના ભાગે મારી દીધું હતું. બનાવ અંગેની ફરિયાદ સંજીતકુમારે વાપી ટાઉન પોલીસમથકમાં કરી હતી.



અમૃત પટેલ

ઉમરસાડી દરિયા કાંઠે પેડેસ્ટલ બ્રિજનું નિર્માણ પૂર્ણતાના આરે

રૂ. 9.50 કરોડના ખર્ચે અટલ બ્રિજની પેર્ટન મુજબ બનેલો બ્રિજ પર્યટન હબ બની રહ્યો છે

પારડી: પારડીના ઉમરસાડી દરિયાકિનારે રૂ. 9.50 કરોડના ખર્ચે પેડેસ્ટલ બ્રિજનું નિર્માણ કાર્ય પૂર્ણતાના આરે પહોંચ્યું છે. ત્યારે અહીં પારડી, વાપી, વલસાડ સહિત દમણ, સેલવાસ દૂર-દૂરથી લોકો નજારો જોવા સહેલાણીઓ આવી રહ્યા છે. ઉમરસાડી દેસાઈવાડમાં આવેલી જેટકો સબ સ્ટેશન પાસે 126 મીટર લાંબા પેડેસ્ટલ કેબલ બ્રિજનું નાણામંત્રી કનુભાઈ દેસાઈએ ખાતમુહૂર્ત કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદની જનતા માટે સાબરમતી નદી પર લોકાર્પણ કરાયેલા અટલ બ્રિજની પેર્ટન પર જ ઉમરસાડી દેસાઈવાડ ગામની ખાડી પર 26 ફૂટ ઊંચાઈએ તૈયાર કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ ઉમરસાડી દેસાઈવાડ ગામના અગ્રણી ખેડૂત ભરતભાઈ દેસાઈનું સ્વપ્ન હતું. નાણામંત્રી કનુભાઈ દેસાઈને આ બાબતે ધ્યાન દોરતા પૂર્ણેશ મોદી તથા રેમ્યા મોહનજી અહીં મુલાકાત લીધી હતી. ત્યારે આ પ્રોજેક્ટને મંજૂરી મળતા બ્રિજ તૈયાર કરવામાં આવ્યો છે. ભરતભાઈએ જણાવ્યું હતું કે, હાલ બાકી રહેલ લાઈટિંગ, છત સહિતની કામગીરી ચાલી રહી છે. સાંજના સમયે પર્યટકો સૂર્યાસ્તનો નજારો જોવા તેમજ દરિયામાં મજા માણતા જોવા મળે છે. આપણા સુંદર દરિયા કિનારા પર ગંદકી ન થાય તે માટેની તકેદારી રાખવા જાહેર જનતાને અપીલ કરી હતી.

કાંજળ રણછોડ ગામે હત્યા કેસમાં બેને 7 વર્ષની કેદ

વલસાડ: કાંજણ રણછોડ ગામે રહેતા બચુભાઇ નાયકા (ઉ.વ.60) દ્વારા એક અકસ્માતમાં ગામના જ વ્યક્તિનું મોત નીપજ્યું હતું. જેની અદાવતમાં તેમના સંબંધી સુનિલ દશરથભાઇ નાયકા, પિન્કેશ દિપકભાઇ નાયકા, પંકજ મોહનભાઇ નાયકા અને કપિલ વિનોદભાઇ નાયકાએ મળી તેમના પિતા બચુભાઇ નાયકાને માથામાં ફટકા મારી ઢીકમુકીનો માર મારી તેમને ગંભીર ઇજા પહોંચાડી મોતને ઘાટ ઉતારી દીધા હતાં. આ બનાવ સંદર્ભે વલસાડ રૂરલ પોલીસે ગુનો દાખલ કરી તમામની ધરપકડ કરી હતી. જેમની સામે વલસાડની સેસન્સ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. જેની સૂનવણી હાથ ધરાતા સરકારી વકિલ ભરત પ્રજાપતિની દલીલ ગ્રાહ્ય રાખી જજ નીપા રાવલે ચાર આરોપી પૈકી સુનિલ દશરથભાઇ નાયકા અને પંકજ મોહનભાઇ નાયકાને દોષિત ઠેરવી તેમને 7 વર્ષની કેદની સજા અને રૂ. 30 હજારનો દંડ ફટકારતી સજાનો હુકમ કર્યો હતો.

વાપીમાં 137 મિલકત સીલ, રૂ.1.93 કરોડની વેરા વસૂલાત

31 માર્ચ સુધીમાં વેરો ભરવામાં નહીં આવે તો બાકી રકમ ઉપર ૧૨% વ્યાજ લાગશે

વાપી: વાપી મહાનગરપાલિકા ઘરવેરા વિભાગ દ્વારા ફેબ્રુઆરી માસ દરમિયાન વિવિધ વિસ્તારોમાં ૧૩૭ મિલકતને તાળા મારી સ્થળ ઉપર રૂ.૧.૦૮ કરોડની અને કુલ રૂ.૧.૯૩ કરોડની વેરા વસૂલાત કરવામાં આવી હતી.

માર્ચ માસ સુધીમાં લક્ષ્યાંક પૂર્ણ કરવા ઘરવેરા વિભાગની ટીમ વેરા વસૂલાત ઝુંબેશ કરી રહી છે. જે અંતર્ગત નોટીસો આપવા છતાં વેરો ભરવામાં મિલકતધારકો ઉદાસીન રહેતા વાપી નહેરુ સ્ટ્રીટમાં ૧ ગેરેજ, ચલામાં બેન્કની હોમલોન શાખા, ગોલ્ડન પોઈન્ટમાં ક્લિનિક, નીલકંઠ આશીર્વાદમાં ૭ દુકાન, અશ્વમેધમાં 3 દુકાન, સહારા માર્કેટમાં ૧૧ ઓફિસ, ખડકલા રોડ પર ૬ દુકાન વગેરે મળી ૧૩૭ મિલકતોને તાળા મારવામાં આવ્યા હતા અને ૧૫૨ મિલકત માલિકો પાસેથી સ્થળ ઉપર રૂ.૧.૦૮ કરોડની વસૂલાત કરવામાં આવી હતી. હાલમાં લાંબા સમયથી વેરો ના ભરનારા ૩૨૦૦ જેટલા મિલકતધારકોને નોટિસો આપવામાં આવી છે અને સીલીંગની કાર્યવાહી કરવામાં આવી રહી છે. મિલકતધારકોની સુવિધા માટે વેબસાઈટ vapicity.in પર ઓનલાઈન વેરો ભરવાની સુવિધા ઉપલબ્ધ છે. આ ઉપરાંત માર્ચ માસમાં જાહેર રજાના દિવસોમાં મહાનગરપાલિકાની કચેરીઓ પર વેરો સ્વીકારવાની સુવિધા ચાલુ રાખવામાં આવશે. માર્ચ-૨૦૨૬ થી ૬% મુજબ દંડકિય વ્યાજ લાગનાર છે અને ૩૧ માર્ચ સુધીમાં વેરો ભરવામાં નહિ આવશે તો બાકી રકમ ઉપર ૧૨% વ્યાજ લાગી જશે.

વલસાડમાં પાલિકાનો વેરા વસૂલાતમાં સપાટો

વલસાડ: વલસાડ નગરપાલિકાના મિલકત વેરા વિભાગે વેરો નહી ભરનાર મિલકતધારકો સામે કડક હાથે કામ લીધું છે. વલસાડ નગરપાલિકાના ટેક્સ સુપરિટેન્ડન્ટ રમણભાઇ રાઠોડની ટીમે આજરોજ શહેરના વિવિધ વિસ્તારોમાં વેરા વસૂલાતની કામગીરી હાથ ધરી હતી. આ કામગીરીમાં તેમના દ્વારા છેલ્લા 5 વર્ષથી વેરો નહી ભરતા મિલકતધારકો પર કડક હાથે કામગીરી હાથ ધરી હતી. જેમાં તેમના દ્વારા 15 જેટલા દુકાનદારો તેમજ મિલકતધારકો સામે જપ્તીની કામગીરી હાથ ધરી હતી. જેમાં તેમના દ્વારા તેમની મિકલતો સિલ કરી તેના પર જપ્તીની નોટિસો લગાવી હતી. આ કામગીરી હાથ ધરતાં બાકીદારોમાં ફફડાટ મચી ગયો હતો અને તેઓ વેરો ભરવા પાલિકા પર દોડી ગયા હતા.

દમણગંગા નદીનું પ્રદૂષણ દૂર કરો : સાંસદ

CSIR-NEERI-આધારિત કાર્ય યોજનાના વાસ્તવિક અમલીકરણની સ્થિતિ માટે ઔપચારિક જવાબદારીની માંગ કરી

દમણ: સંઘપ્રદેશ દમણ દીવના લોકસભાના સાંસદ ઉમેશ પટેલે દમણગંગા નદીમાં વધતા પ્રદૂષણ અને પર્યાવરણીય અધોગતિના ગંભીર મુદ્દા અંગે પ્રદૂષણ નિયંત્રણ સમિતિ (પીસીસી), દાદરા નગર હવેલી અને દમણ દીવના અધ્યક્ષને એક વિગતવાર આવેદનપત્ર સુપરત કરી જરૂરી કાર્યવાહીની માંગ કરી છે.

સાંસદ ઉમેશ પટેલે પોતાના મેમોરેન્ડમમાં દમણગંગા નદી માટે તૈયાર કરાયેલા CSIR-NEERI-આધારિત કાર્ય યોજનાના વાસ્તવિક અમલીકરણની સ્થિતિ માટે ઔપચારિક જવાબદારીની માંગ કરી હતી. તેમણે સિવેજ શુદ્ધિકરણ પ્લાન્ટ (STP), ઔદ્યોગિક પ્રદૂષણ નિયંત્રણ, ડ્રેનેજ અવરોધ, ઘન કચરા વ્યવસ્થાપન, હવા અને પાણીની ગુણવત્તા દેખરેખ અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સાથે પત્રવ્યવહાર અંગે વિગતવાર અને પ્રમાણિત દસ્તાવેજીકરણની માંગ કરી હતી. સાંસદે જણાવ્યું કે, દમણગંગા નદી માત્ર એક જળમાર્ગ નથી, પરંતુ આ પ્રદેશના લાખો લોકો માટે પીવાના પાણી, માછીમારી, દરિયાકાંઠાના પર્યટન અને જાહેર આરોગ્ય માટે જીવનરેખા છે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે, કાર્ય યોજનામાં નિર્ધારિત મોટાભાગના લક્ષ્યો 2019-2020 સુધીમાં પ્રાપ્ત કરવાના હતા પરંતુ છ વર્ષથી વધુ સમય પછી પણ જમીનની પરિસ્થિતિ અસ્પષ્ટ છે. આ મેમોરેન્ડમમાં 2020 થી 2025 સુધીનો પર્યાવરણીય ડેટા, નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) ને સુપરત કરાયેલા અહેવાલો, PCC બેઠકોની કાર્યવાહી, વાર્ષિક અહેવાલો અને પ્રદૂષણ નિયંત્રણ માટે હાથ ધરવામાં આવેલા કુલ ખર્ચ અને કાર્યોનો વિગતવાર હિસાબ માંગવામાં આવ્યો છે. સાંસદે ઉમેશ પટેલે સ્પષ્ટતા કરી કે, આ પહેલ સંઘર્ષ માટે નહીં પરંતુ પારદર્શિતા, જવાબદારી અને જાહેર હિત સુનિશ્ચિત કરવા માટે છે. તેમણે 30 દિવસની અંદર PCC પાસેથી લેખિત અને દસ્તાવેજીકૃત પ્રતિભાવની માંગણી કરી છે. સાથે મેમોરેન્ડમની એક નકલ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB), નવી દિલ્હીને પણ મોકલી આંતર-રાજ્ય પ્રદૂષણના મુદ્દા પર જરૂરી હસ્તક્ષેપ સુનિશ્ચિત કરવા અનુરોધ કર્યો છે.

નાની દમણના ચોરીના ગુનામાં નાસિકથી 3 ઝડપાયા

દમણ: સંઘપ્રદેશ દમણ પોલીસે નાની દમણમાં ચોરીના ગુનામાં નાસિકથી ત્રણને ઝડપી પાડ્યા છે. 7 ફેબ્રુઆરી 26ના રોજ નાની દમણ પોલીસને ફરિયાદ મળી હતી કે, નાની દમણ તીનબત્તી વિસ્તારમાં આવેલા સાગર વાઈન શોપમાં અજાણ્યા ઈસમો જબરજસ્તી પ્રવેશ કરીને ગલ્લામાં મુકેલા રોકડા રૂપિયા 35 હજાર અને 2 દારૂની બોટલ ચોરી કરીને ફરાર થઈ ગયા હતાં. આ પ્રમાણેની ફરિયાદ મળતા પોલીસે આરોપીઓ મહારાષ્ટ્રના નાસિક શહેરમાં હોવાની જાણ થતાં ટીમ રવાના કરી 3 આરોપીને ઝડપી પાડ્યા હતા. પોલીસે ચોરીના ગુનામાં ના